નં.અજાક/મ/૩/૨૦૦૩ / ૩૫૮૦
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪-૨,ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તારીખ:૨૩ / ૦૫ / ૨૦૦૩

**પરિપત્ર**

**વિષય- ધંધાના સ્થળ / દુકાન ખરીદવા લોન સહાય તેમજ કાયદા અને તબીબી સ્નાતકો અનુસ્નાતકોને લોન સહાયની યોજના અંગેની કાર્યવાહી જિલ્લા કચેરીએથી કરવા બાબત**

ઉપરોક્ત વિષય અંગેના અત્રેના પરિપત્ર ક્રમાંક:અજાક/મ/૩/૨૦૦૧/૪૯૪ તારીખ.૧/૩/૨૦૦૧ થી ધંધાનું સ્થળ,દુકાન ખરીદવા તેમજ અનુ.જાતિના / કાયદાના તેમજ તબીબી સ્નાતક/અનુ.સ્નાતકોને લોન સહાયની અરજી મંજુર કરવાની કાર્યવાહી વડી કચેરીએથી કરવાનું નક્કી કરવામાં આવેલ. પરંતુ અનુભવે એમ જણાયુ છે કે આવી અરજીઓ અધુરાશના કારણે પૂર્તતા કરવાની પ્રક્રિયામાં વિલંબ થતો જોવા મળેલ છે જેના કારણે આ યોજના વડી કચેરી હસ્તક નહિ રાખતા જિલ્લા કચેરી હસ્તક રાખવા રજુઆત પણ થઇ છે, આ બાબતમાં પુનઃવિચારણા કરીને તાત્કાલીક અસરથી આ યોજનાની અરજીઓ મંજુર કરવાની કાર્યવાહી જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આપના જિલ્લાની મળેલ અરજીઓ આ સાથે પત્રક (૧) અને (૨) મુજબ છે જે મુદામ કર્મચારીને રૂબરૂ મોકલી વડી કચેરીએથી અરજીઓ દિન-૩માં મેળવી લેવા જણાવવામાં આવે છે.

નોંધ.સ્થળ પ્રત પર માન.નિયામકશ્રીની સહી છે

નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ રવાના**

૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી , ......તમામ